ઝાલોદ તાલુકાના રાજપુર અને અનવરપુરા ગામે સર્જાયેલી આત્મહત્યાની બે કરુણાંતિકા

મમતાનો કરુણ અંત । ત્રણ સંતાન સાથે બે માતાની મોતની છલાંગ

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

ઝાલોદ તાલુકાના રાજપુર ગામે અને અનવરપુરા ગામે સર્જાયેલી આત્મહત્યાની બે કરુણાંતિકામાં બે જનેતાઓએ કોઈ અગમ્ય કારણોસર પોતાના વ્હાલસોયા ત્રણ કુમળા માસુમ સંતાનોને સાથે લઈ કૂવામાં મોતનો ભૂસ્કો મારતાં કુવાના પાણીમાં ડૂબી જતા તે તમામના અટાણે મોત નીપજયા નું સત્તાવાર જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જિલ્લામાં જુદી જુદી જગ્યાએ સર્જાયેલી બે કરુણાન્તિકાઓ પૈકીની આત્મહત્યાની એક કરુણાંતિકા દાહોદ તાલુકાના રાજપુર ગામે પરમાર ફળિયામાં તારીખ ૧૫-૭-૨૦૨૬ના રોજ સાંજના સાડા પાંચેક વાગ્યાના સુમારે બનવા પામી હતી. જેમાં રાજપુર ગામના પરમાર ફળિયામાં રહેતા અનિલભાઈ રામસિંગભાઈ હઠીલાની પત્ની ૨૩ વર્ષીય સૂર્યવંશીબેન અનિલભાઈ હઠીલા એ કોઈ અગમ્ય કારણોસર પોતાના એક વર્ષની ઉંમરના વ્હાલસોયા દીકરા અભ્યાન્સુભાઈ હઠીલાને સાથે લઈ પોતાના ઘરના કુવામાં મોતનો ભૂસકો માર્યો હતો. ઘટનાની જાણ થતા જ ગામ લોકો એકત્રિત થઈ ગયા હતા અને કૂવામાંથી મા-દીકરા બંનેની શોધખોળ આદરી હતી. અને માતા સૂર્યવંશી બેનની લાશ કુવાના ઊંડા પાણીમાંથી મળી આવતા તેને કૂવામાંથી બહાર કાઢી હતી. પરંતુ અથાગ પ્રયાસો પછી પણ દીકરા અભ્યાન્સુની લાશ ન મળતા દાહોદ ફાયર બ્રિગેડનો સંપર્ક કરવામાં આવ્યો હતો. અને ફાયર બ્રિગેડના લાશ્કરોએ અથાગ પ્રયાસ બાદ અભ્યાન્સુની લાશ કુવાના ઊંડા પાણી માંથી શોધી કાઢી કૂવામાંથી બહાર કાઢી હતી.. આ સંબંધે ઘટના સ્થળે દોડી આવેલ દાહોદ તાલુકા પોલીસે મૃતક સૂર્યવંશીબેન તથા તેમના દીકરા અભ્યાસુની લાશનું પંચો રૂબરૂ પંચનામું કરી બંનેની લાશને પોસ્ટ મોર્ટમ માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં મોકલી આપી આ સંદર્ભે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.જયારે જિલ્લામાં આત્મહત્યાની ઝાલોદ તાલુકાના અનવરપુરા ગામે સર્જાયેલી કરુણાંતિકામાં અનવરપુરા ગામે રહેતી ૨૩વર્ષીય સુનીતાબેન કલારા નામની યુવતી એ કોઈ અગમ્ય કારણોસર પોતાની ત્રણ વર્ષીય દીકરી પ્રાચી તથા દોઢ વર્ષીય દીકરી વંશીને સાથે લઈ ગામના એક કૂવામાં મોતનો ભૂસકો માર્યો હતો. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને ત્રણેય મા દીકરીઓને બચાવવા પ્રયાસો કર્યા હતા અને માતા સુનિતાબેન કલારા તથા બે પૈકીની એક દીકરી ની લાશ કૂવામાંથી મળી આવી હતી. જયારે બીજી દીકરીની લાશ ભારે પ્રયાસો બાદ પણ ન મળતા ઝાલોદ ફાયર બ્રિગેડનો સંપર્ક કરી ફાયર બ્રિગેડના લાશ્કરોને બોલાવવામાં આવ્યા હતા. ફાયર બ્રિગેડના લાસ્કરોએ બીજી દીકરીની લાશને શોધવા પ્રયાસો આદર્યા હતા. અને ભારે જહેમત બાદ કૂવામાંથી બીજી દીકરીની લાશ શોધી કાઢવામાં ફાયર બ્રિગેડના લાશ્કરોને સફળતા મળી હતી. આમ માતા તથા બે દીકરીઓની લાશ મળી આવતા ઘટના સ્થળે દોડી આવેલ પંચનામું કરી પોસ્ટ મોર્ટમ માટે ઝાલોદ મોકલી આપી હતી.

ભક્તોમાં ભારે દુઃખની લાગણી

લીમડી નગરમાં રથયાત્રા પૂર્વે ગજરાજનું મોત થતા ગમગીની

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

દાહોદ જિલ્લામાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા દાહોદ ઝાલોદ ફતેપુરા સહિતના નગરોમાં ઘેરહરસોલાસ ભેર કાઢવામાં આવી છે અને તેનો હજારો ભક્તો એ લાભલીધો છે ત્યારે દાહોદ જિલ્લાના ગોવિંદગુરુ ખાતે યોજાનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રા પહેલા એક દુઃખદ ઘટના -સામે આવી છે. રથયાત્રામાં સામેલ થવા માટે લાવવામાં -આવેલ ગજરાજનું વહેલી સવારે આશરે ૬ વાગ્યે અચાનક અવસાન થયું છે. મળતી માહિતી મુજબ, ગોવિંદગુરુ લીમડી દ્વારા દર વર્ષે યોજાતી ભગવાન જગન્નાથજીની રથયાત્રા 'માટે આ હાથીને ખાસ લાવવામાં આવ્યો હતો. પરંતુ રથયાત્રા પૂર્વે જ ગજરાજના નિધનથી સ્થાનિક ભક્તોમાં અને -આયોજકોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.ઘટનાની જાણ થતાં વહીવટી તંત્ર અને પશુચિકિત્સકોની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી તપાસ હાથ ધરી હતી. હાલ ગજરાજના અંતિમ સંસ્કાર સહિતની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

રૂપિયા આપવાના બહાને ૨૦૦ ગ્રામ સોનાના બિસ્કીટ લઈ ગઠિયો ફરાર

દાહોદના ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સની ઓફિસમાં વેપારી સાથે છેતરપિંડી

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

દાહોદમાં રથયાત્રામાં સોનાના બિસ્કીટનું દાન આપવાના બહાને પૂર્વ આયોજિત કાવતરું રચી ગઠિયાઓએ સોના-ચાંદીના વેપારી સાથે રૂ. 28.60 લાખની છેતરપિંડી કરી હોવાની ઘટના સામે આવી છે. આ અંગે દાહોદના દોલતગંજ બજાર ખાતે રહેતા 25 વર્ષીય સોના-ચાંદીના વેપારી જય રાકેશકુમાર ગાંધીએ દાહોદ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, તા. 15 જુલાઈએ એક અજાણ્યો વ્યક્તિ તેમની દુકાને આવ્યો હતો અને રથયાત્રામાં દાન આપવા માટે સોનાના બિસ્કીટ ખરીદવાના હોવાનું કહી વિશ્વાસ જીત્યો હતો. બીજા દિવસે બપોરે 8053959359 નંબર પરથી પોતાનું નામ સુમિતકુમાર જણાવનાર વ્યક્તિએ ફોન કરી 24 કેરેટના કુલ 200 ગ્રામ વજનના 12 સોનાના બિસ્કીટ (10 ગ્રામના 10 અને 50 ગ્રામના 2) લઈને દાહોદના ગોધરા રોડ પર આવેલા ધ લેન્ડમાર્ક બિલ્ડિંગના બીજા માળે હોલ નં.-3માં આવેલી ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેંકની ઓફિસે આવવા જણાવ્યું હતું. જય ગાંધી સોનાના બિસ્કીટ લઈને ત્યાં પહોંચતા ઓફિસ બહાર બેઠેલા સુમિતકુમારને બિસ્કીટ આપ્યા હતા. સુમિતકુમારે રૂપિયા ચૂકવવા માટે અંદર જઈ આવું છું તેમ કહી સોનાના બિસ્કીટ લઈ ઓફિસમાં પ્રવેશ કર્યો હતો. જોકે, થોડો સમય પસાર થયા બાદ પણ તે પરત ન આવતા વેપારીએ તપાસ કરતાં સુમિતકુમાર ઓફિસના બીજા દરવાજેથી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું. આ રીતે રૂ. 28.60 લાખ કિંમતના 200 ગ્રામ સોનાના બિસ્કીટની ઠગાઈ થતા જય રાકેશકુમાર ગાંધી પોલીસ ફરિયાદે પહોંચ્યા હતા. પોલીસે એક અજાણ્યા વ્યક્તિ તથા સુમિતકુમાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 61(2)(A), 316(2) અને 318(4) હેઠળ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સાથે જ ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેંક તથા આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

નવજીવન સાયન્સ કોલેજના NSS એકમ દ્વારા સફાઇ કરાઇ

દાહોદમાં રથયાત્રાના રૂટ પર સફાઈ અભિયાન કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

ગુરુવારના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ એન એસ.એસ. એકમ દ્વારા દાહોદ નગર રથયાત્રા પછી સ્વયંસેવકો દ્વારા પ્લાસ્ટિક મુક્ત અભિયાન અને સ્વચ્છતા હિ સેવાની કામગીરી કરી અને સમાજને જાગૃત કરવાનું કાર્ય કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન સ્વયંસેવકો સમાજમાં જાગૃતતા આવે એ હેતુથી રથયાત્રાના રૂટ પર સફાઈ અભિયાન યોજવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે. ખરાદીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પી.ઓ. ડૉ.એસ.એ.પટેલ અને શ્રી. નીલ પટેલ અને એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

ચાલકે ગાડીના સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી દેતા અકસ્માત સર્જાયો

ધાનપુર-રાછવા ઘાટ પર ટેમ્પો પલટી જતાં બાળકો સહિત ૧૫થી વધુ ઘાયલ

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

દાહોદ જિલ્લાના ધાનપુર-રાછવા ઘાટ પર એક મોટી અને ગમખ્વાર રોડ દુર્ઘટના સર્જાઈ છે. ગરબાડાથી ધાનપુર તરફ જઈ રહેલી એક આઈશર ૪૦૭ ગાડીના ચાલકે અચાનક સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવી દેતા ગાડી ધડાકાભેર પલટી મારી ગઈ હતી. આ ભયાનક અકસ્માતમાં ગાડીમાં સવાર મહિલાઓ, પુરુષો અને બાળકો સહિત ૧૫થી પણ વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. મળતી માહિતી અનુસાર, આ ગાડી ગરબાડાથી ધાનપુર તરફ જઈ રહી હતી. તે દરમિયાન ધાનપુરની રાછવા તરફ જતી પહાડી ઘાટી પર ચાલકે ગાડીના સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવી દીધો હતો, જેના કારણે આ ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત થતાં જ ઘટના સ્થળે ચીસા ચીસ અને ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ઘટનાની જાણ થતાં જ આસપાસના સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાને જાણ કરવામાં આવતા એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી. તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે દાહોદની ઝાયડસ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં ડોક્ટરોની ટીમ દ્વારા યુદ્ધના ધોરણે તેમની સારવાર શરૂ કરી દેવામાં આવી છે.અકસ્માતની માહિતી મળતા જ સ્થાનિક પોલીસનો કાફલો પણ તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને ટ્રાફિક હળવો કરાવ્યો હતો અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝાલોદ તાલુકા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા આયોજન

ગ્રાહકોની જાગૃતિનો કાર્યક્રમ તા.૧૯એ ગોધરામાં યોજાશે

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

ઝાલોદ તાલુકા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ગ્રાહકોની જાગૃતિ માટેનો કાર્યક્રમ તૃપ્તિ હોટલ, ગોધરા ખાતે તા. 19 જુલાઈ, 2026ના રોજ સવારે 10:30 કલાકે યોજાનાર છે. આ કાર્યક્રમમાં એસપી કચેરી ગોધરાના સાયબર સેલ વિભાગ તેમજ વિવિધ ટેલિકોમ કંપનીઓના પ્રતિનિધિઓ હાજર રહી માર્ગદર્શન આપશે. કાર્યક્રમમાં ગ્રાહકોની જાગૃતિ, ટેલિકોમ સેવાઓ, મોબાઈલ અને ઈન્ટરનેટનો સુરક્ષિત ઉપયોગ તેમજ ડિજિટલ માધ્યમથી વધતા સાયબર ગુનાઓ, ઓનલાઈન છેતરપિંડી અને બ્લેકમેલિંગ જેવા ગંભીર મુદ્દાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવશે. ઉપરાંત શંકાસ્પદ ફોન કોલ, ફેક લિંક, OTP ફ્રોડ, KYC અપડેટના બહાને થતી છેતરપિંડીથી કેવી રીતે બચવું તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે. ઉપસ્થિત નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ માટે વિશેષ પ્રશ્નોત્તરી સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં, સાયબર ગુનાનો ભોગ બન્યાની સ્થિતિમાં તાત્કાલિક કઈ કાર્યવાહી કરવી અને ફરિયાદ ક્યાં નોંધાવવી તે અંગે પણ માહિતી આપવામાં આવશે. આ જાગૃતિ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાજર રહી લાભ લેવા ઝાલોદ તાલુકા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ જીગ્નેશ પંચાલ તથા સહાયક પ્રજેશ લુહાર દ્વારા અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

રેડક્રોસ દ્વારા અપાયેલ ફેઝિયોથેરાપી મશીનનું લોકાર્પણ કરાયું

દાહોદ : ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદ જિલ્લા શાખા દ્વારા તારીખ મશીનનું ૧૬/૭/૨૦૨૬ ગુરૂવારના રોજ ૧૧:૦૦ કલાકે પ્રાથમિક સારવાર શિક્ષણ તાલીમ વર્ગ અને કૌશલ્યા-ખુશાલી ફિઝિયોથેરાપી સેન્ટર અંતર્ગત નવીન એનસીવી/ઈ એમજી મશીન નું લોકાર્પણ દાહોદના લોકલાડીલા ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી ના વરદ હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું .કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. શાબ્દિક સ્વાગત સંસ્થાના ચેરમેન ગોપાલ ભાઈ ધાનકા દ્વારા કરવામાં આવ્યું ધારાસભ્ય નું બુકે અને સાલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ફિઝિયોથેરાપી મશીનની વિસ્તૃત માહિતી ડો કરિશ્મા લોખંડ દ્વારા આપવામાં આવી.

કાલીકા એન્જીનીયરીંગ કંપનીએ દાહોદ MGVCLની ઉંઘ હરામ કરી

ધાનપુરમાં વીજકંડકટરોને બદલવા માટે આવેલી કંપની માલ-સામાન સાથે ફરાર

૭૦,૨૦,૦૦૦ની કિંમતના જુના અને નવા વીજ કંડકટરો સાથે અદ્રશ્ય

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

એમ.જી.વી.સી.એલ. ની ડીવીઝન કચેરી દવારા ધાનપુર તાલુકા ના અલગ અલગ ગામો મા વીજ કંડકટર બદલવા માટે કર્ણાટક ની કાલીકા એન્જીનીયરીંગ કંપની ને ટેન્ડર પ્રક્રિયા ને આધીન કોન્ટ્રાક્ટ આપ્યો હતો. કર્ણાટક ની આ એજન્સી દવારા જુના કંડક્ટર ને કાઢી ને નવા આપવામાં આવેલા કંડકટર ને લગાડવાના બદલે અંદાઝે ૯૧.૨૦ લાખ ના જૂના કંડકટર ને કાઢી લઈ ને અને એમ.જી.વી.સી.એલ. દવારા આપવામાં આવેલા અંદાઝે ૭૦.૨૦ લાખ ની કિંમત ના નવા કંડકટરો નો હિસાબ કિતાબો આપ્યા વગર ઈજારદાર એજન્સી એ ચાલતી ગુજરાત વીજ કંપની ના વહીવટી તંત્ર મા જબરદસ્ત ખળભળાટ પ્રસરી જવા પામ્યો હતો. એમા જુના અને નવા એમ બન્ને લાખ્ખો રૂપિયા ના કંડકટરો ને લઈ ને લાપતા બની ગયેલા ચોંકાવનારા મામલા સંદર્ભમાં ધાનપુર પોલીસ મથક મા કર્ણાટક ના કાલીકા એન્જીનીયરીંગ કંપની ના ઈજારદાર હર્ષવર્ધન એસ. સામે ગુનો દાખલ કરાયો હતો. દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે જેમાં એમ.જી.વી. સી.એલ. ટેન્ડર પ્રક્રિયા દ્વારા કર્ણાટક ની એક કંપનીને પાનપ ૨ તાલુકામાં અલગ અલગ ગામોમાં વીજ કંડક્ટર નાંખવાની કર્ણાટકના ટેકર લેનાર ઈજારદારે જુના કંડક્ટર કિંમત રૂપીયા ૪૮,૨૦,૦૦૦ તેમજ અન્ય કંડક્ટર રૂપીયા ૧૨,૯૦,૦૦૦ના કાઢી લઈ અને તે એમ.જી.વી. સી.એલ. ની કંપનીને પરત જમા ન કરાવી તે ઉપરાંત એમ.જી.વી. સી.એલ. દ્વારા નવા કંડક્ટર લગાવવા માટે આપ્યાં હતાં જેની કિંમત રૂપીયા ૯,૦૦,૦૦૦ મળી કુલ મળી ૭૦,૨૦,૦૦૦ના કંડક્ટર ની ચોરી કરી એમ.જી.વી. સી.એલ. સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં આ ચોંકાવનારો કિસ્સો એમ.જી.વી.સી. એલ. કચેરી સમક્ષ આવતાં આ સંબંધે કર્ણાટકની કંપની વિરૂધ્ધ પોલીસ માં ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસનો દોર ચલાવી ઝડપી પાડવા માટેના ચક્રોગતિમાન કર્યા છે.

શાળાની આસપાસ સ્વચ્છતા જાળવવા જણાવાયું

ફતેપુરામાં ચાંદીપુરા વાઈરસ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) ફતેપુરા, તા.17

ફતેપુરા તાલુકાના વટલી ગામ મુખ્ય પ્રા. શાળામા ચાંદીપુરા વાઈરસ અંગે જાગૃતિ અને માર્ગદર્શન આપવામાં આવ્યું. ફતેપુરા તાલુકામાં ચાંદીપુર વાયરસને લઈ જનજાગૃતિના ભાગરૂપે વટલી ગામની મુખ્ય પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને આરોગ્ય કર્મચારી રાજુભાઈ પ્રજાપતિ અને કોમ્યૂનિટી હેલ્થ ઓફિસર દ્વારા રોગના લક્ષણો, વાઈરસ ફેલાવાના કારણો તેમજ બચાવના ઉપાયો વિશે સરળ ભાષામાં સમજુતી અપાઈ કે તાવ, ઊલટી, આંચકી અથવા બેભાન થવા જેવા ગંભીર લક્ષણો દેખાય તો વિલંબ કર્યા વગર નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર અથવા હોસ્પિટલમાં સારવાર માટે જવું જોઈએ.તેમજ મચ્છર અને અન્ય જીવાતો ના કરડવાથી બચવા, ઘરની અને શાળાની આસપાસ સ્વચ્છતા જાળવવા સહિતની સમજ આપવામાં આવી.

જય જગન્નાથના નાદથી સમગ્ર સિંગવડ ગુંજી ઊઠ્યું હતું

સિંગવડમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં માનવમહેરામણ ઉમટ્યો

(પ્રતિનિધિ) સિંગવડ, તા.17

સિંગવડ, સનાતન ધર્મ અને સાંસ્કૃતિક વારસાના પ્રતીક સમાન ભગવાન શ્રી જગન્નાથજીની ચોથી રથયાત્રા સિંગવડ નગરમાં અત્યંત ભાવ-ભક્તિ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી. રથયાત્રા કંચન ધારા પેટ્રોલ પંપથી ચાલુ કરવામાં આવી હતી તે ચુંદડી રોડ સંજેલી રોડ થઈને નીચવાસ બજાર થઈ મા ભમરેચી ના મંદિરે પહોંચી હતી રથયાત્રામાં ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્ર ના સુશોભિત રથને ભક્તોએ રસ્સા ખેંચીને આગળ વધાર્યા. જ્યારે સમગ્ર રૂટ પર ભગવાન જગન્નાથજીના ભક્તો દ્વારા આરતી ઉતારી દર્શન કર્યા હતા અને ડીજે ના તાલે થી અને ભગવાન જગન્નાથ ના ભજનો થી ગુંજી ઉઠ્યું હતું સાથે સાથે ફટાકડા પણ ફોડીને ભગવાન જગન્નાથજીની રથયાત્રાને વધાવી હતી જ્યારે આ રથયાત્રામાં સિંગવડ નગર ઉપરાંત આજુબાજુના ગામોના ભક્તો જોડાયા હતા. માર્ગમાં જગ્યાએ જગ્યાએ ભક્તો માટે ઠંડા પાણી, ઠંડુ પીણું અને પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. પોલીસઅનેવહીવટીતંત્રનોસહયોગ રથયાત્રાને સફળ બનાવવા માટે રણધીકપુર પોલીસ, એ ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. ટ્રાફિક વ્યવસ્થા અને સફાઈની પણ ખાસ કાળજી લેવામાં આવી હતી.

પારગી નીલમબેન જીએસ તરીકે ચૂંટાઇ આવ્યાં

ફતેપુરા જાગૃતિ કન્યા વિદ્યાલય ખાતે ચૂંટણી યોજવામાં આવી

(પ્રતિનિધિ) ફતેપુરા, તા.17

જાગૃતિ કન્યા વિદ્યાલય ફતેપુરા ખાતે શાળા પંચાયત ની ચૂંટણી યોજાઈ હતી અલગ અલગ વિદ્યાર્થીની ઓએ ભાગ લીધો હતો જેમાં મોનિટરની અને ઉપ મોનિટર તેમજ પ્રતિનિધિ ની પ્રથમ ચૂંટણી યોજવામાં આવી હતી ત્યાર પછી જનરલ સેક્રેટરી ની ચૂંટણી યોજવામાં આવી તેમાં ધોરણ 10 ની વિદ્યાર્થીની પારગી નીલમબેન પ્રવીણભાઈ 339 મત મેળવી જનરલ સેક્રેટરી તરીકે વિજય મેળવ્યો હતો ઉપમહામંત્રી તરીકે ધોરણ 12 ની વિદ્યાર્થીની શિલ્પાબેન રાજુભાઈ પારગી 336 મત મેળવ્યા હતા આમ શાળામાં ઉત્સાહ અને આનંદમય વાતાવરણ ફેલાઈ ગયું હતું ભારતના લોકશાહી મતદાર જાગૃતતાને વિદ્યાર્થીનીઓ સમજે અને ચૂંટણી પ્રક્રિયાને સારી રીતે સમજ મેળવી શકે તે માટે આ બાળ સાંસદ ચૂંટણીનો આયોજન કરવામાં આવ્યું હતું શાળાના આચાર્ય ડી.એન.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ આ ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેબિનેટ નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ઉદ્ઘાટન કરાયું

તાજપુરાની શ્રી નારાયણ આઈ હોસ્પિ.ની નવીન બિલ્ડિંગનું ભવ્ય ઉદ્ઘાટન કરાયું

હાલોલઃ પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના તાજપુરા ખાતે આવેલી શ્રી નારાયણ આઈ હોસ્પિટલ ખાતે 8 મંજિલા નવીન બિલ્ડિંગનો ઉદ્ઘાટન સમારોહ તા.16 જુલાઈ ગુરુવારના રોજ યોજાયો હતો. આ સંસ્થામાં દર્દીઓની સેવામાં જોડાયેલા તબીબો તેમજ અન્ય સ્ટાફ માટે તૈયાર કરાયેલા અદ્યતન ડોક્ટર્સ અને સ્ટાફ ક્વાર્ટર્સ શ્રી નારાયણ ભવનનું ઉદ્ઘાટન ગુજરાત રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન બાદ મંત્રી કનુભાઈ દેસાઈએ હોસ્પિટલની મુલાકાત લઈ સંસ્થાની નિઃશુલ્ક સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી.આ પ્રસંગે પૂર્વ રાજ્યસભા સાંસદ અને ભારત ઈલેક્ટ્રોનિક્સના ડાયરેક્ટર ભરતસિંહ પરમાર, પોલિકેબ લિમિટેડના ડાયરેક્ટર રાકેશ તલાટી, નીરજ કુંદનાની,હાલોલ પ્રાંત અધિકારી જીગ્નેશ પટેલ,હાલોલ મામલતદાર સંદીપ રૈયાની સહિત શ્રી નારાયણધામ આરોગ્યધામના ટ્રસ્ટીઓ તેમજ રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ, પોલિકેબ સોશિયલ વેલ્ફેર ફાઉન્ડેશન તેમજ નારાયણ પરિવારના વિવિધ દાતાઓ અને અન્ય સેવાભાવી સભ્યોના સહયોગથી આ સ્ટાફ ક્વાટર્સ રૂ.12 કરોડના ખર્ચે તૈયાર કરાયું છે.